# સાબરકાંઠા - અરવલ્લી



## ઓક્સિજન મળતો નથી, હું હવે શું કરૂ : ડૉ.પોથીગરા

બાયડ : હિંમતનગરની શાન હોસ્પિટલમાં કોરોનાના ૨૫ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. સોમવારે હોસ્પિટલમાં ઓક્સિજન ખૂટી જતાં દર્દીઓને અન્ય સ્થળે ખસેડવાની નોબત આવી પરંતુ કોઈ દર્દી હોસ્પિટલ છોડીને જવા તૈયાર નથી. ડૉ.એન.એમ.પોથીગરાનો ટેલિફોનિક સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે લાખ કોશિષ કરૂ છું પરંતુ ઓક્સિજન મળતો નથી, હું હવે શું કરૂ પ્લીઝ તમે મને મદદ કરો..તેવું ભાવુક બનીને જણાવ્યું હતું.

## તંત્ર લાચાર : વ્યવસ્થા ઉપર વ્યવસ્થા ગોઠવા પરંતુ હાડમારી દૂર થતી નથી

બાયડ : સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં યુવા કલેક્ટર, ડી.ડી.ઓ. અને આરોગ્ય અધિકારીની ફોજ છે પરંતુ તંત્ર કેમ લાચાર છે તે જ સમજાતું નથી. પાછલા એક સપ્તાહથી બંન્ને જિલ્લામાં ઓક્સિજનની અછત છે જેના કારણે કોરોના સહિત અન્ય દર્દીઓના જીવ ઉપર જોખમ ઉભું થયું છે. સરકારી દફતરે ભલે ઓછા કેસ હોય પરંતુ ખાનગી આંકડો ભયાવહ છે. કોવિડની તમામ હોસ્પિટલો હાઉસ્ફુલ છે, બેડ ખૂટી પડ્યા છે, રેમડેસિવિર ઈન્જેક્શન ખૂટી પડ્યા છે, સતત કોરોના દર્દીઓના સગાઓને ઈન્જેક્શન લેવા માટે અહીં થી તહીં ભટકવું પડે છે. કેટલાક તો રાત્રે ૧-૦૦ વાગે અમદાવાદ પહોંચીને ઈન્જેક્શન લેવા માટે ભૂખ્યા તરસ્યા લાઈનમાં ગોઠવાઈ જાય છે છતાં ઈન્જેક્શન મળતા નથી એટલે ચિત્ર એવું ઉપસ્યું છે કે તંત્ર લાચાર થઈ ગયું છે અને વ્યવસ્થા ઉપર વ્યવસ્થા ગોઠવાય પરંતુ હાડમારી દુર થતી નથી.

**ઓક્સિજનની તિવ્ર અછત**

# હિંમતનગરની ખાનગી હોસ્પિટલમાં ઓક્સિજન ખૂટી પડતાં દર્દી ભગવાન ભરોસે

### વાત્રક કોવિડ હોસ્પિટલમાં દર્દીઓને ઓછો ઓક્સિજન અપાતાં કેટલાક દર્દી ખાનગી હોસ્પિટલમાં દાખલ..!!

બાયડ તા.૧૨

જિલ્લામાં કોરોનાની સ્થિતિ બેકાબુ બનતાં ઓક્સિજન અને રેમડેસિવિર ઈન્જેક્શનની અછત ઉભી થતાં તંત્ર અને સરકાર ઉપર પસ્તાળ પડી છે. સોમવારે હિંમતનગરની શાન હોસ્પિટલમાં ઓક્સિજન ખૂટી જતાં કોરોનાની સારવાર લેતા દર્દીઓ ભગવાન ભરોસે થઈ ગયા હતા. હોસ્પિટલ સત્તાવાળાઓએ હાથ ઉંચા કરતાં સગાઓ દ્વારા દર્દીઓને અન્ય હોસ્પિટલમાં ખસેડવાની ફરજ પડી છે. એક સપ્તાહમાં હિંમતનગરની બીજી ખાનગી હોસ્પિટલમાં ઓક્સિજન ખૂટી જવાની ઘટનાએ ચકચાર જગાવી છે. બાયડ તાલુકાની વાત્રક કોવિડ હોસ્પિટલમાં પણ દર્દીઓને ઓક્સિજનની જરૂરીયાત હોવા છતાં માત્ર ૨ થી ૪ કલાક ઓક્સિજન અપાતો હોવાથી કેટલાક દર્દીઓની હાલત બગડતાં ન છૂટકે ૨-૪ દર્દી વાત્રકની કોવિડ હોસ્પિટલને બાય..બાય કરી ખાનગી હોસ્પિટલમાં દાખલ થયાનું બિનસત્તાવાર સૂત્રોએ જણાવ્યું છે.

ક્યારેય કલ્પના કરી નહીં હોય કે કોરોનાનું વિકરાળ સ્વરૂપ અનિવાર્ય ઓક્સિજનની અછત ઉભી કરશે. તંત્રના લાખ પ્રયાસો છતાં દૈનિક ૨૦ થી ૨૫ ટન ઓક્સિજનની જરૂરીયાત સામે માંડ ૪૦ થી ૫૦ ટકા ઓક્સિજનનો જથ્થો મળતાં અને દર્દીઓમાં વધારો થતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની સરકારી તેમજ ખાનગી કોવિડ હોસ્પિટલોમાં ઓક્સિજનનો મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. જિલ્લાની નબળી નેતાગીરીના કારણે પણ પ્રજાને વધુ સહન કરવું પડ્યું છે. પૈસા ખર્ચવા છતાં પણ દર્દીઓના સગાઓને રેમડેસિવિર ઈન્જેક્શન મળતાં નથી. જ્યારે મોડાસા અને બાયડમાં કેટલાક જાહેર સ્થળોએ (મેડીકલ સ્ટોર્સ સિવાય) ઈન્જેક્શનના કાળા બજાર થતા હોવાની લોકચર્ચાએ ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગને હરકતમાં લાવી દીધું છે. કોરોનાની પ્રથમ લહેરમાં સાબરકાંઠા, અરવલ્લી વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગની સારી કામગીરીની ચારેકોર પ્રસંશા થતી હાતી પરંતુ બીજી લહેરમાં આજ વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર ઉપર અણઘડ આયોજનના કારણે માછલાં ધોવાઈ રહ્યાં છે. ઓક્સિજન અને ઈન્જેક્શનની અછત એ તંત્રની અણઆવડતનો નમૂનો હોવા છતાં દર્દીઓના સગાઓ હોસ્પિટલના સત્તાવાળા અને સ્ટાફ ઉપર ઘૂરકીયાં કરી રહ્યા છે તે અયોગ્ય હોવાનું દેખાઈ રહ્યું છે.

## જિલ્લામાં કોરોનાના ખપ્પરમાં વધુ ૩ હોમાયા, કેટલાક દર્દી ક્રીટીકલ

બાયડ : સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોનાના ખપ્પરમાં વધુ ૨ હોમાયા છે જો કે આરોગ્ય વિભાગે કોરોનાથી મોત થયાની કોઈ પુષ્ટી આપી નથી. મોડાસા તાલુકાના ઈટાડી ગામના વૃદ્ધનું શંકાસ્પદ કોરોનાથી મોત નિપજ્યું છે.

મેઘરજના પાણીબારવાંટા ગામના યુવકનું કોરોનાથી મોત નિપજ્યાના અહેવાલ છે. જ્યારે ઈડર તાલુકાના ભદ્રેસર ગામના અશોકભાઈ વિરસંગભાઈ દેસાઈને કોરોના પોઝિટિવ થતાં ગાંધીનગરની ખાનગી હોસ્પિટલમાં છેલ્લા ૧૨ દિવસથી વેન્ટીલેટર ઉપર રાખવામાં આવ્યા હતા. જ્યાં કોરોનાની સારવાર દરમ્યાન તેમનું મોત નિપજ્યું હતું.

## ઈન્જેક્શનનું કાળા બજાર ક્યાં થાય છે અમને કહો : ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ

બાયડ : જિલ્લામાં કોરોનાના દર્દીઓ માટે રેમડેસિવિર ઈન્જેક્શનનો જથ્થો માંગણી કરતાં ઓછો આવી રહ્યો છે તે હકીકત સાચી છે પરંતુ તેના ડીસ્ટીબ્યુશનના આંકડા જોયા પછી પણ કેટલાક ઈન્જેકશનો બાબતે તંત્રની વાત ગળે ઉતરતી નથી. ઈન્જેક્શનની અછતથી કોરોના દર્દીઓના સગાઓ ન છૂટકે અન્ય સ્થળેથી ઈન્જેક્શનો મેળવવા લાચાર બને છે અને શરૂ થાય છે કાળા બજાર. વિભાગનો સંપર્ક કરતાં તેઓએ જણાવેલ કે ઈન્જેક્શનનું કાળા બજાર ક્યાં થાય છે તે અમને જણાવો. વિભાગે આ મુદ્દે પોતે જ તપાસ કરવી જોઈએ.

**સ્વયંભૂ લૉકડાઉન પછી ભય**

# મોડાસા, બાયડ, ભિલોડાનાં બજાર ખૂલતાં ભારે ભીડ, કોરોનાનું સંક્રમણ વધવાની દહેશત

### માસ્ક નહીં પહેરનારા લોકો પાસેથી દંડ વસુલવાની જાહેરાત ફારસરૂપ, સોશ્યલ ડિસ્ટન્સ, માસ્ક પહેરવાનું ભુલાયું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨

જિલ્લામાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બનતાં બાયડ-ભિલોડામાં શનિ-રવિ અને મોડાસામાં રવિવારે વેપારીઓ દ્વારા સ્વયંભૂ લૉકડાઉન જડબેસલાક રહ્યા પછી સોમવારે બજાર ખુલતાં ત્રણેય તાલુકા મથકોમાં ખરીદી માટે ભીડ જામતાં ટ્રાફીકજામ જેવી સ્થિતિ સામે આવી. સોશ્યલ ડિસ્ટન્સ, માસ્ક પહેરવાનું ભૂલાતાં ર દિવસનું જડબેસલાક લૉકડાઉન એળે જાય તેવા દ્રશ્યો જોવા મળ્યા. ખરીદી માટે લોકોની ભીડ ઉમટતાં કોરોનાનું સંક્રમણ વધવાની દહેશત છે. બાયડના અનેક વેપારીઓએ માસ્ક પહેર્યા વગર આવેલા ગ્રાહકોને પરત ધકેલી કોરોના સામેની લડાઈમાં તંત્રને અમૂલ્ય સહયોગ આપતા હોય તેવા દ્રશ્યો પણ ક્યાંક જોવા મળ્યા. જિલ્લામાં માસ્ક નહીં પહેરનારા લોકો પાસેથી રૂા.૧૦૦૦નો દંડ વસુલવાની પોલીસ મહાનિર્દેષકની જાહેરાત ફારસરૂપ સાબિત થઈ છે. ઠેક ઠેકાણે સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્ક પહેરવાનું ભુલાતાં કોરોના પ્રત્યે જાગ્રત બનેલા લોકોમાં આવાં દ્રશ્યો જોઈ ખિન્નતા જોવા મળી.




કોરોનાની બીજી લહેર કેવી મહામારી નોંતરશે તેનો અંદાજ ખુદ વૈજ્ઞાનિકો લગાવી શક્યા નથી. જેમ દિવસ પસાર થાય તેમ કોરોનાના દર્દીઓમાં ઉછાળાની સાથે કોરોના અનેક નવા વિસ્તારોની મુલાકાતે પહોંચતો હોય તેવી વિગતો પ્રકાશમાં આવી રહી છે. સાબરકાંઠા, અરવલ્લીના ૬૦૦ થી વધુ ગામોમાં કોરોનાનું સંક્રમણ પહોંચ્યું છે. આ માત્ર આરોગ્ય વિભાગના દફતરે નોંધાયેલા દર્દીઓના આંકડા પછીનું આંકલન છે.

પરંતુ ખાનગી આંકડા જો સામે આવી જાય તો જિલ્લાના ૮૦ ટકા ગામડાઓમાં કોરોનાએ પગપેસારો કર્યાની વિગતો સામે આવે તેમ છે. કોરોનાને હરાવવા માટે તેની સાયકલ તોડવી જરૂરી છે. બાયડ, ભિલોડા, મોડાસાના વેપારીઓએ સ્વયંભૂ બંધનું એલાન આપ્યા પછી સફળ રહેતાં કોરોના ઉપર ધીરે ધીરે અંકુશ આવવાની સંભાવના છે. પરંતુ સોમવારે જે રીતે ત્રણેય વિસ્તારોમાં લગ્નસરા તેમજ અન્ય અવસરોના કારણે પ્રજાની ભીડ એકત્ર થઈ તે દ્રશ્યો ખરેખર ચિંતાજનક હતા.



# ઉત્તર ગુજરાતમાં કોરોના સંક્રમિત પ્રથમ વખત ૨૦૦૦ નજીક..!!

### ગરમી વધી તેમ કોરોના વધુ અકળાયો, પાટણમાં કાબુ બહાર સ્થિતિનું ચિત્ર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨

છેલ્લા એક સપ્તાહથી કોરોનાના દર્દીઓ માટે ઓક્સિજન અને રેમડેસિવિર ઈન્જેક્શનની અછત ભોગવતા ઉત્તર ગુજરાતમાં સ્થિતિ વધુ વણસી રહી છે. ગત રોજ એક જ દિવસમાં ૫ જિલ્લામાં ૧૯૧૭ સંક્રમિત દર્દીઓ નોંધાયા છે. પ્રથમ વખત સંક્રમિત કેસનો આંકડો ૨૦૦૦ની નજીક સરકી ગયો છે જે આજે પાર કરી જશે. ગરમી વધી તેમ કોરોના વધુ અકળાયાની સ્થિતિ છે. ઉત્તર ગુજરાતના પાટણ જિલ્લામાં કાબુ બહાર સ્થિતિ જતી હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે.

પ્રજાના મનમાં સ્વાભાવિક થાય છે કે કોરોનાને હરાવવા માટે જરૂર વગર બહાર જવાનું ટાળીએ છીએ, માસ્કનો ઉપયોગ કરીએ છીએ, સોશ્યલ ડિસ્ટન્સ જાળવીએ છીએ..છતાં પણ ગત વર્ષ કરતાં આ વર્ષે કોરોનાનું અતિક્રમણ કેમ..?? સતત વધી રહેલા કોરોનાના દર્દીઓ અને ચિંતાજનક મૃત્યુ આંકથી ગુજરાત સરકાર ચિંતિત છે.

**ઉત્તર ગુજરાતમાં ૨૪ કલાક દરમ્યાન સંક્રમિત કેસ..**

| જિલ્લો | સંક્રમિત કેસ |
| --- | --- |
| પાટણ | ૮૨૪ |
| મહેસાણા | ૬૯૯ |
| સાબરકાંઠા | ૨૦૩ |
| બનાસકાંઠા | ૯૯ |
| અરવલ્લી | ૯૨ |

આરોગ્ય વિભાગની ઉંઘ હરામ થઈ ગઈ છે અને ગમે ત્યારે કોરોના લાગશે તો મરી તો નહીં જઈએ ને..?? તેવી અંદેશા મોટાભાગના લોકોને અકળાવી રહી છે. સ્થિતિ વધુ નાજૂબ છે તે સ્વીકારવું પડશે. સોમવારે ગુજરાત હાઈકોર્ટે ગુજરાતમાં વકરતા કોરોના બાબતે ઉંડી ચિંતા વ્યક્ત કરી કેટલાક આકરા નિયમોના અમલ માટે ગુજરાત સરકારને સૂચન કર્યું છે. ત્યારે સરકારી દફતરે જાહેર થતા આંકડા બિહામણા હોય તો પછી ખાનગી આંકડા કેટલા ઘાતક હશે..?? તેની માત્ર કલ્પના કરવી રહી. અગાઉ ઉત્તર ગુજરાતમાં ૪૭ તાલુકામાં સરકારી દફતરે કોરોના સંક્રમિત કેસ માંડ ૫૦૦ થી ૭૦૦ રહેતા હતા ત્યાર પછી પાછલા એક સપ્તાહમાં આંકડો પાર કરીને ૧૦૦૦થી સતત આગળ વધી રહ્યા છે. ત્યારે આગામી ૩ અઠવાડીયાં ઉત્તર ગુજરાત માટે વધુ જોખમી હોવાની દહેશત ઉભી થઈ છે.

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણી મુલત્વી રાખવાનો નિર્ણય

### ૨૫ એપ્રિલે ૯ બેઠકો માટે યોજાવવાની હતી ચૂંટણી

કોરોનાની મહામારી વકરી છે ત્યારે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ-ગાંધીનગરની તા.૨૫ એપ્રિલે યોજનારી ચૂંટણી મુલત્વી રાખવાનો ચૂંટણી અધિકારી અને સચિવ દ્વારા નિર્ણય કરાયો છે. મુલત્વી રહેલી ચૂંટણીમાં અત્યાર સુધી પૂર્ણ થયેલી ચૂંટણી પ્રક્રીયા સિવાયની બાકી રહેલ ચૂંટણી પ્રક્રિયા મુલત્વી રાખવામાં આવી છે. કોવિડ-૧૯ની પરિસ્થિતિના સંજોગો ધ્યાને લઈ બોર્ડની સામાન્ય ચૂંટણી-૨૧ની મતદાન તારીખ, મત ગણતરી તારીખ, પરિણામ જાહેરાતની તારીખ અને ચૂંટાયેલા ઉમેદવારોના નામ રાજ્યપત્રમાં પ્રસિદ્ધ કરવાની તારીખના નવા તબક્કાઓની જાહેરાત નવેસરથી કરવામાં આવશે. કપરા કાળમાં વિવિધ સંવર્ગના ૯ બેઠકોના ઉમેદવારોએ પ્રચાર કાર્ય શરૂ કર્યું છે પરંતુ કોરોનાના કારણે ચૂંટણી મુલત્વી રહી છે.

માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણીનું મહત્વ જોવા મળ્યું કારણ કે સરકાર અને તેના શિક્ષણ વિભાગે લોકશાહી ઢબે ચૂંટાઈને આવતા બોર્ડ સભ્યોની પાંખો કાપવાનો પ્રયાસ કર્યો અને માત્ર ૯ બેઠકોમાં જ સંતોષ માનવો પડ્યો. રાજ્યભરના શાળા સંચાલકો, વિવિધ ઘટક સંઘોના સંગઠનો પણ સરકારના નિર્ણય સામે એક રીતે ઘૂંટણો ટેકવી દેતાં આ મુદ્દો શિક્ષણ જગતમાં ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. બોર્ડમાં અવાજ ઉઠાવનારા કેટલાક સભ્યો સામે કીન્નાખોરી ભરી કામગીરી કર્યાના પણ આરોપ લાગેલા છે ત્યારે વારંવાર પાછી ઠેલાતી માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણીને ફરી એકવાર ગ્રહણ લાગ્યું છે. ૨૫ એપ્રિલે યોજાનારી ચૂંટણી હાલ પૂરતી કોરોનાની વિકટ સ્થિતિના કારણે મુલત્વી રાખવાનો ચૂંટણી અધિકારી ડી. એસ. પટેલે આદેશ કર્યો છે.




**સાબરકાંઠા જિલ્લા-હિંમતનગર શહેર બક્ષીપંચ મોરચા દ્વારા રસીકરણ કાર્યક્રમ યોજાયો**

સાબરકાંઠા જિલ્લા અને હિંમતનગર શહેર બક્ષીપંચ મોરચાના સંયુક્ત ઉપક્રમે સોમવારે હિંમતનગરમાં રસીકરણ કાર્યક્રમ જિલ્લા ભાજપ અધ્યક્ષ જે.ડી.પટેલ, હિંમતનગર ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, પ્રદેશ કન્વિનર (સોશ્યલ મીડીયા) સિદ્ધાર્થ પટેલ વગેરેની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. તમામ કાર્યકરોને લોકો કોઈપણ પ્રકારના ડર વગર કોરોના રસીકરણ કરાવે તે માટે પ્રયાસ કરવા જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં હિંમતનગર પાલિકા પ્રમુખ યતિનબેન મોદી, કારોબારી અધ્યક્ષ સાવન દેસાઈ, લીગલ સમિતિના ચેરમેન જાનકીબેન રાવલ, જિલ્લા બક્ષીપંચ મોરચાના પ્રમુખ રણજીતસિંહ, મહામંત્રી કમલેશ બારોટ, મહિલા મોરચા મહામંત્રી કાજલબેન દોષી સહિત ભાજપના સંગઠન હોદ્દેદારો તેમજ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**દોડવું હતું ને ઢાળ મળ્યો**

## સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા કોવિડ હોસ્પિટલોમાં સુવિધા મુદ્દે આવેદનપત્ર અપાયાં

### કોંગ્રેસના આગેવાનો સહિત ધારાસભ્યોની ઉપસ્થિતિ


બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨

રાજ્યમાં કોરોનાની સ્થિતિ વિકરાળ બન્યા પછી હાઈકોર્ટે ગુજરાત સરકારને અનેક સૂચનો કર્યાં છે. સરકારની અમૂક નીતિથી ખુશ ન હોવાનું પણ જણાવ્યું છે ત્યારે એકાએક ઘેલમાં આવેલી કોંગ્રેસે સરકારને ભીડવવાના પ્રયાસ શરૂ કર્યા છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા કોરોના દર્દીઓ માટે કોવિડ હોસ્પિટલમાં યોગ્ય સુવિધા, ઓક્સિજનની અછત, રેમડેસિવિર ઈન્જેક્શનની અછત અને કાળા બજાર સહિતના મુદ્દે આવેદનપત્ર આપ્યાનું જાણવા મળ્યું છે.

સત્તામાં હોય ત્યારે કોઈ નાની અમથી ભૂલ કે પછી અસુવિધાનો મુદ્દો હાવિ થઈ જાય એટલે વિપક્ષ માટે દોડવું હતું ને ઢાળ મળ્યા જેવી સ્થિતિ જોવા મળી છે. બંન્ને જિલ્લામાં આરોગ્ય તંત્રની નિષ્ફળ કામગીરીથી વહીવટી તંત્ર ઉપર માછલાં ધોવાઈ રહ્યાં છે. હોસ્પિટલોમાં ઓક્સિજન ખૂટી પડતાં ખાનગી હોસ્પિટલના કોરોના દર્દીઓને ભગવાન ભરોસે છોડી દેવામાં આવે છે તેવા આરોપ લાગેલા હતા. છેલ્લા એક સપ્તાહથી કોરોના દર્દીઓ માટે જરૂરી રેમડેસિવિર ઈન્જેક્શનની અછતથી દર્દીઓ અને તેમના સગાઓમાં રોષ વ્યાપ્યો હતો ત્યારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી છેલ્લા ૧ વર્ષથી દેશમાં કોરોના મહામારી વકરી છે છતાં સરકાર ઉત્સવ અને ચૂંટણીઓમાં વ્યસ્ત છે. લાયસન્સ વિના ઈન્જેક્શનનો મોટો જથ્થો કેવી રીતે ખરીદવામાં આવ્યો..?? તેની તપાસ માટે સરકાર દ્વારા પંચ નિમવામાં આવે ઉપરાંત અરવલ્લી જિલ્લામાં સત્વરે સિવિલ હોસ્પિટલ ચાલુ કરવામાં આવે તે મુદ્દે બંન્ને જિલ્લાના કોંગ્રેસ સમિતિના પ્રમુખ કમલેશ પટેલ (સાબરકાંઠા), કમલેન્દ્રસિંહ પુંવાર (અરવલ્લી) સહિત કોંગ્રેસના વર્તમાન અને પૂર્વ ધારાસભ્યોએ આવેદનપત્ર આપ્યાનું જાણવા મળ્યું છે.



## બાયડના જાણીતા વેપારી દાસકાકાનું નિધન



બાયડના જાણીતા વેપારી અને બીડીવાળા દાસકાકાના હુલમણા નામથી જાણીતા પુરૂષોત્તમદાસ મોતીલાલ શાહનું હૃદય રોગના હુમલાથી મોત નિપજતાં બાયડ સહિત જિલ્લાના વેપારી આલમમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. સ્વર્ગસ્થ તેમની પાછળ પત્નિ શર્મિષ્ઠાબેન શાહ, પુત્ર કમલેશ શાહ તેમજ બે પુત્રીઓ સહિત બહોળા પરિવારને વિલાપ કરતા મૂકી ગયા છે.